

ગાંધીનગરમાં પ્રકૃતિનું સૌંદર્ય દરેક ઋતુમાં અલગ અલગ જોવા મળે છે. એમાંય જયારે વસંત બેસે છે ત્યારે તો એવું લાગે કે જાણે પ્રકૃતિએ સોળ શણગાર સજયા હોય.. નગરમાં ઘણા સ્થળોએ વિવિધ થીમના આધારે વૃક્ષો અને છોડનો ઉછેર કરવામાં આવ્યો છે.જેના પર વસંતઋતુમાં રંગબેરંગી ફૂલો ખીલી ઉઠે છે. ગાંધીનગરનું નિર્માણ થયું તે પહેલાં અહીં જંગલ અને ખેતરોનો વિશાળ વિસ્તાર હતો. દેશી આંબાઓ ખૂબ હતા. જેના અવશેષો હજુ કયાંક કયાંક જોવા મળે છે. આ આંબાઓ પર હવે વસંત બેઠી હોય તેવું લાગી રહ્યું છે. આંબાઓ પર ઘણા બધા મ્હોર આવ્યા છે. પ્રકૃતિના આ નવા સ્વરૂપને જોવા માણવાનો અવસર પ્રકૃતિ પ્રેમીઓએ ચૂકવા જેવો નથી.

### જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન પટેલનો મુખ્યમંત્રીને આક્રોશપૂર્ણ પત્ર

# મનપા પાસે સ્ટાફ નથી, ઓફિસ નથી અને સેવાઓ સોંપી નથી છતાં હદ વધારવાનો નિર્ણય દુઃખદ

## ગામડાઓ સમૃદ્ધ બનાવવાની વાતો કરતી સરકાર ગામડા તોડવા કેમ અધીરી બની છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના ૧૭ ગામોને અને એક નગરપાલિકા તેમજ સાત ગામના કેટલાક સર્વે નંબરોને ગાંધીનગર મનપાની હદમાં ભેળવવાનો નિર્ણય કસમયનો અને કમનસીબ હોવાનો જણાવી તેનો ઉગ્ર વિરોધ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલે નોંધાવ્યો છે.

રાજયના મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને લખેલા એક વિસ્તૃત પત્રમાં તેમણે ગાંધીનગર મહાનગરપાલિકાને પણ આડે હાથ લીધી છે.

ગઈકાલે મનપા વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આ નિર્ણય સામે નોંધાવેલા વિરોધ પછી આજે પંચાયત પ્રમુખ મંગુબેન પટેલે પણ વિરોધ વ્યક્ત કરતાં જિલ્લાના રાજકીય વાતાવરણમાં ગરમાવો આવ્યો છે.

મંગુબેન પટેલે લખેલા પત્રમાં આક્ષેપ કર્યો છે કે ગાંધીનગર મનપા પાસે પુરતા કર્મચારીઓ નથી, મનપાની કચેરી માટે પોતાનુ મકાન પણ નથી તેની આર્થિક સક્ષમતા પણ નથી અને એટલે જ સરકારે તેને સફાઈ સિવાયની કોઈ સેવા આપી નથી. ત્યારે સરકારના ઈશારે મનપાની સ્થાયી સમિતિમાં કોઈપણ પ્રકારની ચર્ચા વિના હદ વધારવાનો પ્રસ્તાવ મંજૂર કરાયો છે.

મંગુબેન પટેલે જણાવ્યુ કે સરકારને વિકાસમાં નહિ પણ ખેડૂતોની જે જમીનો આ ગ્રામ્ય વિસ્તારમાં બચી છે તેના પર તેનો ડોળો બિલ્ડરોના ઈશારે ફરી રહ્યો છે અને તેથી જ આવા નિર્ણયો લેવાયા છે.

તેમણે જણાવ્યુ છે કે ચાંદખેડા અને મોટેરા ભેળવ્યા પછી આજે પણ જિલ્લા પંચાયત શિક્ષણ અને આરોગ્ય સહિતની સેવાઓનો ખર્ચ વહન કરે છે. જે કરવાનું છે તે કરવામાં સરકારને રસ નથી પરંતુ પ્રજા કેમ કરતાં પિસાય અને સરકારની તિજોરી ભરાય તેમાં સરકારને વધારે રસ છે. પેરીફેરી એક્ટ ઉઠાવી ગાંધીનગર તાલુકાનુ અહિત કરવામાં આવ્યુ હતુ.

આ પત્રમાં પટેલે જણાવ્યુ છે કે ગાંધીનગર શહેરમાં વિવિધ સેક્ટરોમાં ચાલતા સરકારી દવાખાના બંધ કર્યા છે. ગુજરાત રાજયનુ પ્રથમ ગોકળિયુ ગામ રાયસણ હવે શહેરનો હિસ્સો બનશે તો સરકારે તે બનાવવા કરેલો ખર્ચ એળે નહિ જાય ? જે ગ્રામીણ વિસ્તારોને ભેળવવાની વાત કરાઈ છે તેમને ટોરેન્ટ પાવરનો વીજપુરવઠો પુરો પાડવામાં આવશે ખરો ? જો આ પ્રશ્નનો જવાબ હા હોય તો ટોરેન્ટ સાથે કોઈ સમજૂતી કરી હોય તો તે જાહેર કરો.

શહેરના આંતરિક રસ્તાઓનું રિસરફેસીંગ પણ થઈ શકતુ નથી અને અમે ગામડાઓમાં આરસીસીના રોડ બનાવી રહ્યા છીએ તેના પર તમારી નજર નથી.

● અનુસંધાન પાન-૭ પર

# પાણી-ગટર વેરા વસુલાત ઝુંબેશ અન્વયે આગામી મહિનામાં બિલ વિતરણ કરાશે

## ગત વર્ષે ૨.૮૩ કરોડના માંગણા સામે ૧.૫૭ કરોડની વસુલાત થઇ હતી શહેર તેમજ સમાવિષ્ટ ગામો સહીત અંદાજિત ૪૨ હજાર જોડાણકર્તાઓ

ગાંધીનગર તા ૩૦

પાણી ગટર વેરાની એડવાન્સ વસુલાત અન્વયે ટુંકમાં જ બિલ વિતરણની કામગીરી શરૂ કરી દેવાશે. ગત વર્ષે શહેરના સે-૧ થી ૩૦ તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાંથી અંદાજિત રૂ ૨.૮૩ કરોડના માંગણા સામે ૧.૫૭ કરોડનો વેરો વસુલાયો હતો. અલબત્ત વેરા વસુલાતની કામગીરી માંડ ૫૨ ટકા જેટલી થઈ હતી. જયારે બાકીદારોને નાટીસ પણ આપવામાં આવી હતી. આગામી વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટુંકમાં વેરાના બિલનુ વિતરણ પણ શરૂ કરી દેવાશે. જયારે માર્ચ મહીનાથી વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાશે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત પ્રતિ વર્ષ માર્ચ મહીનામાં હાથ ધરવામાં આવે છે. જયારે પાણી ગટર વેરાની વસુલાત અન્વયે દર વર્ષે ફેબ્રુઆરી મહીનામાં બીલનુ વિતરણ કરવામાં આવે છે. સેકટરોમાં ઘરે ઘરે બિલ વિતરણના અંતે માર્ચ મહીનામાં વેરાની વસુલાત હાથ ધરવા માટે પાટનગર યોજના ભવન તેમજ ઈન્કવાયરી કચેરી ખાતે કાઉન્ટર પણ કાર્યરત કરવામાં આવે છે. ગાંધીનગર શહેર તેમજ આસપાસના શહેરી વિસ્તારના ગામોમાં પાણી ગટરના જોડાણ કર્તાઓની સંખ્યા અંદાજિત ૪૨ હજાર જેટલી છે. જયારે ગત વર્ષ દરમિયાન અંદાજિત રૂ ૨૮૩ લાખના માંગણા સામે રૂ ૧.૫૭ કરોડની વસુલાત કરવામાં આવી હતી. જયારે વસુલાત ક્ષેત્રે પ્રતિવર્ષ નોંધપાત્ર કામગીરી થઈ શકતી નથી. પાણીનો છુટથી વપરાશ કરવા બાદ પણ સ્થાનિકો નજીવા વેરાની ચુકવણી માટે ઉદાસીનતા દાખવે છે. આગામી વર્ષ ૨૦૨૦-૨૧ ને અનુલક્ષીને પણ એડવાન્સ વેરા વસુલાતની પ્રક્રીયા ટુંકમાં હાથ ધરાશે. આ માટે આગામી ફેબ્રુઆરી મહીનામાં બિલ વિતરણ શરૂ કરી દેવાશે. પાણી ગટર વેરાની વસુલાત કોર્પોરેશનના વેરાના બીલ સાથે જ થઈ જાય તે માટે પણ મહાનગરપાલિકા દ્વારા ત્રણવાર વિગતો લેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામના કડજોદરામાંથી બોગસ તબીબ ઝડપાયો

## ક્લીનીકમાંથી કેટલીક દવાનો જથ્થો પણ કબ્જે લેવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડજોદરામાંથી એક બોગસ તબીબને પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે કડજોદરા ખાતે એક ખાનગી ક્લીનીક શરૂ કરી આ શખ્સ મેડીકલ પ્રેક્ટીસ કરતો જણાયો હતો અને તેના ક્લીનીકમાંથી કેટલીક દવાનો જથ્થો પણ કબ્જે લેવામાં આવ્યો છે જે સીલ કરવામાં આવેલ છે. કડજોદરા મુકામે સંજયકુમાર બી. ઠાકોર નામનો આ વ્યક્તી જે ડિપ્લોમા ઈન યોગા અને નેચરોપેથીનો કોર્સ કરેલ છે જે મેડીકલ પ્રેક્ટીશનર મુજબ એલોપેથી પ્રેક્ટીસ કરતો માલુમ પડેલ છે એટલુ જ નહિ તેના ક્લીનીકમાં બાયો મેડીકલ વેસ્ટના મેનેજમેન્ટ મોટની કોઈ વ્યવસ્થા કરેલ ન હોવાનુ જણાવ્યુ હતુ. તાલુકા આરોગ્ય અધિકારીશ્રીની સૂચનાથી ચાર તબીબી અધિકારીઓની ટીમ બનાવી આ રેઈડ તંત્ર દ્વારા કરવામાં આવી હતી અને તેમાં આ આખોય પર્દાફાશ થયો છે.

આ ટીમે મેડીકલ પ્રેક્ટીશનર એક્ટ કલમ-૩૦ તથા ૨૬૯ મુજબ રખિયાલ પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ પણ નોંધાવી છે. દહેગામ તાલુકામાંથી પકડાયેલ આ બોગસ તબીબને લઈ સમગ્ર પંથકમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

# શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈન બદલવા માટે સેકટરોમાં સર્વે હાથ ધરાયો

## સર્વેના અંતે આખરી આયોજન કરાશે : દાયકાઓ જુની લાઇનના લીધે ગટરો ઉભરાવાની સમસ્યા પણ જટીલ બની છે

ગાંધીનગર તા ૩૦

સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં પાણી ગટર સુવિધાને હાઈફાઈ બનાવવા માટે તંત્રએ આયોજન કર્યુ છે. શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. જયારે સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈનને બદલવા માટે પણ હાલ સર્વે હાથ ધરાયો છે. જેના અંતે સેકટરોમાં જુની લાઈન બદલી નવી લાઈન નાંખવામાં આવશે. ઉભરાતી ગટરોની સમસ્યા પણ હલ થશે.

ગાંધીનગરમાં દાયકાઓ જુની પાણી ગટર લાઈનની વ્યવસ્થાને અપગ્રેડ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. સાડ ચાર દાયકા જુની પાણીની લાઈન તેમજ ગટર લાઈન પણ સેકટરની વધતી વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત નથી જેના લીધે સેકટરોમાં રોજબરોજ ગટરો ઉભરાવાની સમસ્યા પણ પેચીદી બની છે. બીજીતરફ પાણીની પોકાર પણ સેકટરોમાં સામાન્ય બની છે. આવા સંજોગોમાં શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ પ્લાન તૈયાર કરી દેવાયો છે જયારે સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ફરી વળતુ અટકાવવા માટે પણ તંત્રએ કાર્યયોજના તૈયાર કરવાની દીશામાં ગતિવિધિઓ હાથ ધરી છે. સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ગટર લાઈન બદલવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરના સેકટરોની મુખ્ય ગટર લાઈન અને જરૂરિ આંતરિક લાઈનો પણ બદલવા માટે કામગીરી હાથ ધરાશે જેના લીધે સેકટરોમાં ગટર લાઇનની ફરિયાદો હલ થશે વર્ષોના અંતે આ કામગીરી હાથ ધરવા માટે હાલ શહેરમાં આ અન્વયે સર્વે હાથ ધરાયો છે. સેકટરોમાં પથરાયેલી ગટર લાઈનને બદલવા તેમજ અપગ્રેડ કરવા અભ્યાસના અંતે આખરી આયોજન કરાશે આ કામગીરી ટાટા કન્સલટન્સીને સોંપવામાં આવી છે. સર્વેના અંતે ગટર લાઈનનો પ્રોજેકટ આખરી થશે. જયારે આ પ્રોજેકટ પાછળ અંદાજિત રૂ ૨૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

# વૃક્ષોમાં ખોંપાતી ખિલ્લીઓ દુર કરવા ઝુંબેશ

## બેનર્સ અને ખિલ્લીઓથી કુમળા વૃક્ષોને જખમી બનાવતા તત્વો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવા વનતંત્રનુ અભિયાન : શહેરમાં પણ કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર તા ૩૦

શહેર તેમજ આસપાસના વિસ્તારમાં હરિયાળા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે વૃક્ષોની કટોતી સાથે હરિયાળા વૃક્ષોમાં ખિલ્લાઓ ખોંપીને બેનર્સ લટકતા નજરે પડે છે. વૃક્ષો પણ જાહેરાતનુ માધ્યમ બની ગયા છે. જેના લીધે કુમળા વૃક્ષોને પણ નુકશાન થઈ રહ્યુ છે. આ હરકત સામે વનતંત્રએ લાલ આંખ કરી છે. શહેર તેમજ આસપાસના વિસ્તારમાં વૃક્ષોમાંથી ખિલ્લા અને બેનર્સ દુર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ દરમિયાન જવાબદાર તત્વો સામે દંડનીય કાર્યવાહી પણ હાથ ધરાશે.

ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારમાં હરિયાળા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે વૃક્ષોની માવજત માટે આમ નાગરિકો તેમજ વનતંત્ર વિશેષ જાગૃત છે. ત્યારે નગરમાં પણ પ્રતિવર્ષ વરસાદી દીવસોમાં નવા રોપાઓનો ઉછેર કરવામાં આવે છે. વૃક્ષોના યોગ્ય ઉછેર માટે ફેન્સીંગ પણ કરી દેવામાં આવી છે. શહેરી વિસ્તારમાં હરિયાળા વૃક્ષોને કોઈપણ પ્રકારનુ નુકશાન ન થાય તે માટે વનતંત્રએ દબાણો દુર કરવાનુ પણ શરૂ કરી દીધુ છે. જયારે સુકા વૃક્ષોની કટોતી સાથે વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. બીજીતરફ વનતંત્ર દ્વારા હાલ ગાંધીનગર માણસા રૂટમાં વૃક્ષો પર લગાવાયેલા બેનર્સ તેમજ ખુંપવામાં આવેલી ખિલ્લીઓ દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વનતંત્રએ આ અન્વયે ઝુંબેશ હાથ ધરી આ રૂટમાં જાહેરાતનુ માધ્યમ બનેલા વૃક્ષોને પણ બેનર્સ તેમજ પેમ્ફેટસથી મુક્ત કરવા માટે વનતંત્રએ કામગીરી હાથ ધરી હતી. પ્રકૃતિ બચવોના અભિગમ સાથે આ પ્રકારની હરકત કરતા તત્વો પાસેથી દંડ વસુલી કરવા માટે પણ વનતંત્રએ તૈયારી કરી લીધી છે. ટુંકમાં આ પ્રકારની હરકત બદલ વન વિભાગ દ્વારા દંડ વસુલી કરાશે. જયારે શહેરી વિસ્તારમાં પણ હરિયાળા વૃક્ષો પર ખિલ્લા ખુંપવા તેમજ જાહેરાત માટે લગાવાયેલા બેનર્સ દુર કરવા માટે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. શહેરમાં પણ સ્ટ્રીટ લાઈટના થાંભલા સાથે વૃક્ષોનો



● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પાંચમુ અર્બન હેલ્થ સેન્ટર બનાવવા દરખાસ્ત

## મનપા દ્વારા સરકારમાં દરખાસ્ત મોકલી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આગામી નાણાંકીય વર્ષમાં વધુ એક અર્બન હેલ્થ સેન્ટર મંજૂર કરવા માટે સરકારમાં દરખાસ્ત કરી છે.

શહેરમાં છેલ્લા દસ વર્ષમાં વધેલી વસ્તીને ધ્યાને રાખી વધુ એક અર્બન હેલ્થ સેન્ટરની જરૂરિયાત રહેશે. હાલ શહેરમાં ચાર અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત છે.

શહેરી વિસ્તારમાં ૫૦ હજારની વસ્તીએ એક અર્બન હેલ્થ સેન્ટર બનાવવામાં આવતુ હોય છે. ગાંધીનગર શહેરમાં ૨૦૧૦ની વસ્તી ગણતરી પ્રમાણે ૪ અર્બન હેલ્થ સેન્ટરો છે. આમ એક દસકામાં ૫૦ હજારથી પણ વધુ વસ્તી વધવા પામી છે ત્યારે વધુ એક અર્બન હેલ્થ સેન્ટર શરૂ કરવામાં આવે તે જરૂરી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નવુ અર્બન હેલ્થ સેન્ટર નવા સેક્ટરોમાં કાર્યરત કરવાની દિશામાં વિચારણા ચાલી રહી છે. આ અંગે રાજ્ય સરકારને વિધિવત દરખાસ્ત મોકલી આપવામાં આવી છે.

રાજય સરકાર દ્વારા આગામી બજેટમાં આ દરખાસ્તનો સમાવેશ કરી અને મંજૂરી મળ્યા બાદ આગળની કાર્યવાહી મનપાના તંત્ર દ્વારા કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં હાલ જે ચાર અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત છે તેમાં ગુણવત્તાસભર સેવાઓ આપવામાં આવી રહી છે અને ચારેય સેન્ટરો નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સર્ટિફિકેટ પણ મેળવી ચુક્યા છે જે નોંધનીય છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# રાજ્યમાં પુનઃ ઠંડીનુ મોજુ ગાંધીનગરમાં ૧૦ ડિગ્રી

ગાંધીનગર,તા. ૩૦

ગાંધીનગર સહિત રાજ્યના અનેક ભાગોમાં આજે તીવ્ર ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. રાજ્યના કેટલાક ભાગોમાં લઘુતમ તાપમાન આજે ૧૦ ડિગ્રી કરતા પણ નીચે પહોંચી ગયુ હતુ. આજે રાજ્યના જે ભાગોમાં પારો દસથી નીચે પહોંચી ગયો હતો તેમાં ડીસા ૯.૪, અમરેલી નવ, કેશોદ ૯.૨, નલિયા ૫.૨ ડિગ્રી અને કંડલા પોર્ટ ૯.૧નો સમાવેશ થાય છે. હવામાન વિભાગે કહ્યુ છે કે રાજયના કેટલાક ભાગોમાં કોલ્ડવેવની સ્થિતી જોવા મળી રહી છે અને આ સ્થિતી હજુ રહી શકે છે. આજે ગાંધીનગર શહેરમાં પણ ઠંડીનો ચમકારો રહ્યો હતો. ગાંધીનગરમાં પારો ઘટીને ૧૦ ડિગ્રી રહ્યો હતો. સવારમાં જોરદાર ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. આગામી ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય તેવી શકયતા છે. કચ્છ અને સૌરાષ્ટ્રના મોટા ભાગના વિસ્તારોમાં ઠંડીના કારણે જનજીવન પર અસર થઈ હતી.સૌરાષ્ટ્ર અને કચ્છમાં કાતિલ ઠંડીનો ચમકારો લોકો અનુભવી રહ્યા છે. દિવસ દરમિયાન ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. વહેલી સવારે કામ ઉપર જતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી ફરી એકવાર લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ થઈ ગયા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com